# ઈડરમાં કારે અડફેટે લેતા એકનું મોત : એકને ઈજા

હિંમતનગર, તા.૧૨

ઈડરના રામનગર વિસ્તારમાં સોમવારે રાત્રે રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કારના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી બંનેને હડફેટે લેતા ઈજા થઈ હતી. જે પૈકી એકનું મોત નિપજયુ હતું. જે અંગેની ફરિયાદ ઈડર પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે ઈડરના રામનગર વિસ્તારમાંથી સોમવારે રાત્રે લગ્નપ્રસંગમાંથી પરત આવી રહેલા ચંદ્રેશભાઈ શંકરભાઈ વણઝારા (ઉ.વ.૧૨) તથા જગાભાઈ પરથીજી વણઝારા (ઉ.વ.૨૨) રોડની સાઈડમાં ચાલતા જઈ રહ્યા હતા ત્યારે કાર નં. જીજે. ૯. બીબી. ૬૩૩૦ ના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી બંને રાહદારીઓને હડફેટે લીધા હતા. જેથી ઈજા થતાં સારવાર માટે ૧૦૮ દ્વારા ઈડર સિવિલમાં ખસેડાયા હતા. જયાં ચંદ્રેશભાઈ વણઝારાનું ગંભીર ઈજાને કારણે મોત નિપજયુ હતું. જયારે જગાભાઈ વણઝારાને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

અકસ્માતની જાણ થતાં આ વિસ્તારના લોકો રોડ ધસી આવતા ખાસ્સો સમય વાહન વ્યવહાર અટકી ગયો હતો. દરમિયાન ઈડરના રામનગર વિસ્તારમાં બમ્પ મૂકવા માટે આ વિસ્તારના લોકોએ મંગળવારે ઈડર મામલતદારને આવેદનપત્ર આપ્યુ હતું.

અકસ્માત અંગે નંગાજી રાણાજી વણઝારાએ કાર ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે અકસ્માત કરી ભાગી ગયેલા કાર ચાલકને શોધવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# ગઢા ગામે જમીન પચાવી પાડવા ખોટા દસ્તાવેજ કરતા ૬ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગર તાલુકાના નુરપુર ગામના એક ખેડૂતની ગઢા ગામે આવેલ જમીન અગિયાર વર્ષ અગાઉ ગામના જ છ શખ્સોએ ખોટા દસ્તાવેજો બનાવી જમીન પચાવી પાડતા તેમની વિરૂદ્ધ સોમવારે ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે નુરપુર ગામના હફીઝભાઈ અલીભાઈ કોવડીયાની જમીન ગઢા આવેલા સર્વે નં. ૨૯૬, ૧૩૬, ૩૦૭ અને ૨૬૧માં આવેલી છે. દરમિયાન તા. ૨૫-૧૧-૦૪ના રોજ ગઢા ગામના ફકીરમહંમદ અલીભાઈ કોવડીયા, અમીનભાઈ ફકીરમહંમદ કોવડીયા, સલીમભાઈ ફકીરમહંમદ કોવડીયાએ ખોટા દસ્તાવેજોને સાચા તરીકે રજુ કરી મહેસુલના દફતરે તેમના નામે જમીનની નોંધો પડાવી દીધી હતી. તેમના આ કરતૂતમાં ગઢા ગામના ઈસ્માઈલભાઈ વલીભાઈ કોવડીયા, હસનભાઈ નસીરભાઈ કોવડીયા અને તોફીકભાઈ ઈસ્માઈલભાઈ કોવડીયાએ મદદગારી કરી હતી. જે અંગે હાફીઝભાઈને સઘળી હકીકત અંગે જાણકારી મળતા છ જણા વિરૂદ્ધ સોમવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. જે અંગે પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનેરા નગરપાલિકાના નવા પ્રમુખ ધાનેરાના વિકાસના બદલે પોતાની પ્રસિદ્ધિ કરી રહ્યા છે

**ધાનેરા નગરપાલિકાના પ્રમુખ સ્વભંડોળમાંથી પોતાની પ્રસિદ્ધિ માટે મોટા હોર્ડીંગ્સ છપાવી ધાનેરાની વિવિધ જગ્યા પર લગાવ્યા : ધાનેરા નગરપાલિકાના પ્રમુખ સામે ટૂંક જ સમયમાં અવિશ્વાસની દરખાસ્ત**

ધાનેરા, તા.૧૨

ધાનેરા નગરપાલિકા ના નવા પ્રમુખ ધાનેરાના વિકાસના બદલે પોતાની પ્રસિદ્ધિ કરી રહ્યા હોવાની પાલિકા ના સભ્યો ની રદ ઉઠવા પામી છે અને પાલિકાના સભ્યો દ્વારા પાલિકાના પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત પણ મુકવામાં આવી છે





ધાનેરા ના નરસીહજી બાબુજી રાજપૂત પાલિકા પ્રમુખ બન્યા તો હજુ ફક્ત થોડાજ દિવસો થયા છે અને તેમની રાડ ઉઠવા પામી છે અને પાલિકા પ્રમુખ ની મનમાની ના કારણે પાલિકા ના સભ્યો દ્વારા આજ રોજ પાલિકાના ચીફ ઓફિસર સમક્ષ અવિશ્વાસની દસ્ખાસ્ત મુકવામાં આવી હતી અને તેમાં જણાવ્યું હતું કે પ્રમુખ શ્રી દ્વારા દબાણ કરવામાં આવેલ હોઈ તેમજ તેમના મળતિયા ઓને પાલિકા ની જમીન તેમજ સરકાર શ્રી ની જમીનના ગેરકાયદેસર પાકું આર.સી.સી દબાણ કરાવી સરકાર શ્રી અને નગરપાલિકા ને નુકશાન પહોચાડી રહ્યા છે અને પોતાની ખ્વાઈસ પૂરી કરવા માટે નગરપાલિકા ના સ્વ ભંડોળ નો દુ ઉપયોગ કરી મોટામોટા હોર્ડીંગ્સ લગાવે છે પ્રધાન મંત્રી દ્વારા સ્વચ્છતા અભિયાન જે ચાલુ છે તે સફાઈ અભયન મુજબ ધાનેરા શહેરમાં થતી નથી ધાનેરા શહેર ગંદકીમાં ગરકાવ થઈ ગયેલ છે અને ધાનેરા માં ફરીથી મોટો રોગ્ચગલો ફાટો નીકળવાની પણ શંકા સેવાઈ રહી છે અત્યારે ગરમી ની ઋતુ ચાલી રહી છે અને શહેરમાં લોકો ને પૂરતા પ્રમાણમાં પાણી પણ મળતું નથી સભ્યો ને વિશ્વાસમાં લીધા વગર પોતાની મનમાની ચલાવે છે તેવી પાલિકાના સભ્યો દ્વારા પાલિકાના ચીફ ઓફિસરને રજૂઆત કરવામાં આવી છે

હવે જોવાનું એ રહે છે કે ધાનેરા પાલિકાના પ્રમુખ સામે મુકાયેલા આક્ષેપો સાચા છે કે ખોટા અને જો આ આક્ષેપ સાચા હોય તો પાલિકાના પ્રમુખ સામે શું પગલા ભરાય છે તેતો આવનારો સમય બતાવશે

# મોડાસાના કઠલાણા ફાર્મ નજીક ટ્રીપલ અકસ્માત સર્જાયો

**જીપ-ટ્રેક્ટર અને નેનોકાર વચ્ચે અકસ્માત સદ્‌નસીબે જાનહાનિ ટળી**


(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લાના મોડાસા-હિંમતનગર રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા કઠલાણા ફાર્મ નજીક આજે બપોરે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જેમાં જીપગાડીએ નેનોકારને અડફેટે લઈ સામેથી આવી રહેલા ટ્રેક્ટર જોડે ધડાકાભેર અથડાતા ટ્રીપલ અકસ્માત સર્જાયો હતો. સદ્‌નસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી. અકસ્માત સર્જી જીપચાલક ફરાર થઈ જતાં મોડાસા ટાઉન પોલીસે જીપચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

મોડાસા શહેરથી ૩ કિમી દૂર મોડાસા-હિંમતનગર રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા કઠલાણા ફાર્મ નજીક આજે બપોરે ૨.૩૦ વાગ્યાના સુમારે જીપગાડીના ચાલકે નેનોકારને અડફેટે લઈ ટ્રેક્ટર જોડે અથડાતાં એક જ સ્થળે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જેમાં મોડાસાથી હિંમતનગર તરફ જઈ રહેલ જીપગાડી નં. જીજે૧-૬૦-૩૬૦૯ના ચાલકે પોતાની જીપ પૂરઝડપે બેફામ ગતિએ ગફલતભરી રીતે હંકારી નેનોકાર નં. જીજે૯-બીએ-૪૫૮૫ને ઓવરટેઈક કરવા જતાં અડફેટે લેતા જીપચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા કરસનપુરા કંપાના ગૌતમભાઈ પરસોત્તમભાઈ પટેલના પોતાનું ટ્રેક્ટર હિંમતનગરથી મોડાસા તરફ આવી રહ્યા હતા ત્યારે જીપગાડી ધડાકાભેર અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જીપગાડીએ નેનોકારને અડફેટે લેતાં નેનો કાર રોડ સાઈડ ખાડામાં ઉતરી પડી હતી. જ્યારે ટ્રેક્ટરના આગળના ભાગના ભુક્કા બોલાઈ ગયા હતા. જીપચાલક અકસ્માત સર્જી ફરાર થઈ ગયો હતો. અકસ્માત જોતા કોઈ અમંગળ ઘટના બની હોવાનું લાગી રહ્યું છે. પરંતુ સદ્‌નસીબે કોઈ જાનહાનિ ન થતાં મોડાસા પોલીસે રાહતના શ્વાસ લીધા હતા. ટ્રેક્ટર ચાલક ગૌતમભાઈ પટેલ (રહે. કરસનપુરા) કંપાની ફરિયાદના આધારે અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા જીપનાચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# મોટી ઈસરોલ ખાતે મોટેશ્વર મહાદેવના મંદિરે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

**આવતીકાલથી ત્રિદિવસીય મહોત્સવ : શિવ પરિવાર તથા હનુમાનજીની પ્રાણ પ્રતિષ્ઠા થશે**

મોડાસા તા.૧૨

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના મોટી ઈસરોલગામે સમસ્ત



મોટી ઈસરોલ ગ્રામજનો ના ઉપક્રમે નવનિર્મીત ભગવાન સદાશીલ દેવાધીદેવ આશુતોષ મોટેશ્વર મહાદેવ મંદીરે મૂર્તિ પ્રાણ પ્રતીષ્ઠાનો ત્રિદિવસીય મંગલ મહોત્સ્વ યોજાશે

શિવ પરિવાર તથા હનુમાનજી મંદિરે મૂર્તિ પ્રણપ્રતિષંઠા મહોત્સવ આ ત્રણ દિવસીય મહોત્સવ સંવત ૨૦૭૧ ના વૈશાખ વદ ૧૧ ને ગુરૂવાર ના રોજ તા.૧૪ મે ના રોજ થી પ્રાંભ થશે અને તા૧૬ મે ના શનિવારે બપોરે ૧.૪૫ કલાકે પુર્ણાહુતી થશે

ગુરૂવારે પ્રથમ દિવસે શુક્રવાર મૃર્તી ન્યાસ સાંય પુજન થાળ આરતી અને તુતીય દિવસે શનિવારે શીખર પ્રતીષ્ઠા ધ્વજારોહણ મુર્તી પ્રતીષ્ઠા થશે આ મંગલ મહોત્સવ માં ગાયત્રી ઉપાસક પૂ.પ્રધુમન શાસ્ત્રી (સરડોઈ )તથા ઉપાસક પૂ.હિરાદાદા (મોટી ઈસરોલ) ઉપસ્થીત રહીને આર્શીવચન આપશે.

# રૂપાલ પરગણા પ્રજાપતિ સમાજનો અઢારમો સમુહ લગ્નોત્સવ યોજાયો

હિંમતનગર, તા.૧૨

ગાંભોઈ પાસેના રૂપાલ ગામે પરગણા પ્રજાપતિ સમાજ કેળવણી મંડળનો અઢારમો સમુહલગ્નોત્સવ રવિવારે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રજાપતિ સમાજના ૧૫ નવદંપતિ યુગલોએપ્રભુતામાં પગલા પાડયા હતા.

સમુહલગ્નોત્સવમાં મુખ્ય મહેમાન પદે પૂર્વ ગૃહ રાજય મંત્રી પ્રફુલભાઈ પટેલ તેમજ મહેન્દ્રસિંહ રહેવરે પ્રજાપતિ સમાજના યુવાધન આયોજીત આ સમુહલગ્નોત્સવની પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી. આ પ્રસંગે આયોજન સમિતિના પ્રમુખ ભીખાભાઈ પ્રજાપતિ, ધુળાભાઈ પ્રજાપતિ, અશોકભાઈ પ્રજાપતિ, ભરતભાઈ પ્રજાપતિ સહિત સમાજના અગ્રણી દાતાઓ, સમાજના ભાઈબહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી જીલ્લાને વાહનનો પાસીંગ નંબર ૩૧ ફળવાયો

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જીલ્લાનું સાબરકાંઠા જીલ્લામાંથી વિભાજન થયા બાદ આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન કચેરી અને રજીસ્ટ્રેશન નંબર અંગે અનેક ચર્ચાઓ ચાલી હતી. રાજય વાહન વ્યવહાર વિભાગે અરવલ્લી જીલ્લાની મોડાસા શહેર ખાતે આર.ટી.ઓ. કચેરી શરુ થવાની સાથે અરવલ્લીને જી.જે.૩૧ નંબરની ફાળવણી કરી તમામ પ્રકારના વાહનોનું પાસીંગ મોડાસામાં શરુ કરી દેવામાં આવ્યું હોવાથી જીલ્લાના પ્રજાજનો આનંદમાં.

અરવલ્લી જીલ્લાને નિર્માણ થયા બાદ રાજય સરકારના વાહન વ્યવહાર વિભાગે અરવલ્લી જીલ્લાને અલગ ગ્રેડની ફાળવણી કરી છે. મોડાસા શહેરમાં હાલ હંગામી ધોરણે મોડાસાના ગાજણ ટોલટેક્સ પ્લાઝાની નજીક આવેલી ફાર્મસી કૉલેજના ખાનગી મકાનમાં એ - આરટીઓ કચેરી શરુ કરવામાં આવેલ છે. જયાં લાયસન્સ આપવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે. નવી સિરીઝ પ્રમાણે દ્વિ-ચક્રિય વાહન ચાલકોને જી.જે. ૩૧એ, ફોર વ્હિલર વાહનોને બી તથા હેવી અને ટ્રાન્સપોર્ટને લગતા વાહનોને ટી - સિરીઝ પ્રમાણે પાસીંગ કરવામાં આવશે. વર્ષોથી અરવલ્લી જીલ્લા અને મોડાસા પંથકની પ્રજાની આર.ટી.ઓ. કચેરીની માંગ સંતોષાતા પ્રજાજનો ખુશખુશાલ બન્યા છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

શામળાઝી હાઈવે ઉપર ગાજણકંપા પાસે શરુ થયેલી અરવલ્લી જીલ્લા એ આરટીઓ કચેરીમાં તમામ પ્રકારના વાહનોનું પાસીંગ કામગીરી શરુ કરી દેવામાં આવી છે. તેમજ એલએમવી (પ્રાઈવેટ) ના પસદંગી નંબર માટે મીનીમત રૂા. ૫૦૦૦/- બાઈક પાસીંગમાં પસંદગી નંબર માટે મીનીમય રૂા. ૧૦૦૦/- ટ્રાન્સપોર્ટ વાહનો માટે રૂા. ૫૦૦૦/- પેસેન્જર પાસીંગમાં પસંદગી નંબર માટે મીનીમય રૂા. ૧૦૦૦/- તથા સ્પે. વ્હિકલ પસંદગી નંબર માટે રૂા. ૫૦૦/- નિયત કરવામાં આવ્યા છે.

# હિંમતનગરના લક્ષ્મીપુરા કંપામાં રહેતી મહિલાને માર મારતા ફરિયાદ

હિંમતનગર, તા.૧૨

હિંમતનગરના લક્ષ્મીપુરા કંપામાં રહેતી એક મહિલાને તમે કેમ મારી દિકરીને હેરાન કરો છો તેમ કહી માર મારતા મહિલાએ મંગળવારે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરના લક્ષ્મીપુરાકંપામાં ગીતાબેન મહેન્દ્રકુમાર જોષી રહે છે. ગત તા.૧૨મી મેના રોજ કમલેશભાઈ મહેન્દ્રભાઈ જોષી, કિરણબેન કમલેશભાઈ જોષી તથા સુભાષભાઈ વ્યાસ, રિતેષભાઈ સુભાષભાઈ વ્યાસ, વિરેનભાઈ સુભાષભાઈ વ્યાસનાઓએ ભેગા મળી ગીતાબેનના ઘરે ગયા હતા અને સુભાષભાઈ વ્યાસે કહ્યુ હતું કે તમે કેમ મારી દિકરીને હેરાન કરો છો, જયારે રિતેષભાઈ સુભાષભાઈ વ્યાસ અને વિરેનભાઈ સુભાષભાઈએ ગીતાબેનને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે ગીતાબેને હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સલાલ પાસે બાઈકની ટકકરે અજાણ્યા યુવકનું મોત

પ્રાંતિજ, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના ચિલોડા હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજ તાલુકાના સલાલ પાસે બાઈકની ટકકરથી અજાણ્યા ઈસમનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નિપજયું છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ સલાલ-સોનાસણ ચોકડી પાસે રોડ ક્રોસ કરી રહેલ એક અજાણ્યા ઈસમને ઉ.વ. અંદાજે ૩૦ને રાત્રીના ૧૦ કલાકે હિંમતનગર બાજુથી પુરપાટ બાઈક નં. જીજે-૯-સીડી-૧૬૮૩ હંકારી લાવી રોડ ક્રોસ કરી રહેલ અજાણ્યા ઈસમને ટકકર મારી માથાના ભાગે ઈજાઓ કરી તેનું મોત નિપજાવી ભાગી ગયો હતો. જે અંગેની જાણ પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર ફરિયાદી રવજીભાઈ લીમભાઈ ગવારીયા રહે. સલાલ તેમની ફરિયાદના આધારે પ્રાંતિજ પોલીસે ઘટના સ્થળે જઈ બાઈક સવાર સામે અકસ્માત કરી મોત નિપજાવી ઘટના સ્થળેથી ભાગી જતા ગુના નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જયારે મૃતક અજાણ્યા યુવકના પરિવારની શોધખોળ હાથ ધરી છે.

# મોડાસા ખાતે યોજાયેલી તાલીમમાં ગુલ્લી મારનાર ૨૨ શિક્ષકોને કારણદર્શક નોટીસ

**ગેરહાજર રહેનાર શિક્ષકો માટે આ તાલીમ ફરીથી ગોઠવવામાં આવી હતી**

મોડાસા તા.૧૨

શાળા માં બાળકો ને હાજરી ના પાઠ ભણાવતા શિક્ષકો પોતે જ પોતાના કામ માં હાજરી ના આપી ને ગુલ્લી મારે તો આજના આ આધુનીક સમય માં બાળકો શિક્ષકો નુ અનકરણ કરેતો નવાઈ નહી

સમગ્ર અરવલલી જીલ્લા માં પ્રથમીક શિક્ષકો ને સેવાકાલીન તાલીમ ૨૭ એપ્રીલ થી ૩૦ એપ્રીલે યોજાઈ હતી ત્યારે આ તાલીમ મોડાસા આતેના ચાર અલગ અલગ સેન્ટરો પર યોજાઈ હતી આ તાલીમ માં શિક્ષકો કોઈ કારણોસર હાજર ના રહેતા આ ગેરહાજર રહેલા શિક્ષકો માટે ફરીથી એક વખત તા ૧૧ થી ૧૪ મે દરમ્યાન તાલીમ નુ આયોજન મોડાસા ના બી આ રસી ભવન ખાતે કરવામાં આવ્યુ હતુ


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

શિક્ષણ વિભાગ ધ્વારા શિક્ષણ માં ગુણવત્તા લાવા અને સુધારા માટે અથાગ પ્રયત્નો કરવામાં આવે છે લાખો રૂપીયાનુ આંધણ સરકાર ધ્વારા ગુજરાત રાજય માં શીક્ષણ પાછળ કરવામાં આવે છે.છતાં પણ શિક્ષકો સરકાર ધ્વારા ગોઠવવામાં આવતી તાલીમ માં હાજર રહેતા ન હોવાની વિગતો બહાર આવી હતી ત્યારે શિક્ષકો માટે ફરીથી ૧૧મે થી ૧૪ મે સુધી આયોજન કરવામાં આવ્યુ હતુ પરંતુ પોતાની ગુલ્લી મારવાની આદત થી મજબુર એવા શિક્ષકો એ ફરીથી આજરોજ અરવલ્લી જીલલા ના ઈન્ચાર્જ પ્રાથમીક શિક્ષણાધિકારી ઝાલા એ આજે બપોરે મોડાસા બીઆરસી ભવન ખાતે ભાલતી ટ્રેનીગ ની મુલાકાત લેતા આ ટ્રેનિગ માં ૨૨ જેટલા શીક્ષકો એ ગુલલી મારી હોવાનુ બહાર આવ્યુ હતુ જયારે અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ ૨૭ થી ૩૦ એપ્રીલ ના રોજ આ જ તાલીમ નુ આયોજન કરવામાં આવ્યુ હતુ અને આ તલીમ માં ગેરહાજર રહેનારો આ ટ્રેજીગ માં ગુલ્લી મારી હતી અને આજે આ ટ્રેનીંગ ના સમય દરમ્યાન અરવલ્લી જીલ્લા ના પ્રાથમીક શિક્ષણાધિકારી અર્જુનસિંહ ઝાલા એ ઓંચિતી મુલાકાત લેતા આ ૨૨ જેટલા શિક્ષકો નો ભાંડો ફુટી ગયો હતો અને આ તમામે તમામ ૨૨ શિક્ષકો ને કારણદર્શક નોટી ફટકારવામાં આવી છે જયારે આ નોટીસ ફટકારવાને કારણે ગુલલી બાજ શીક્ષકો માં ફફડાટ વ્યાપી ગયો છે.

# પ્રાંતિજ પાસે ખનીજ ચોરી કરતાં ચાર સામે પોલીસ ફરીયાદ

**સરકારી કામકાજમાં દખલગીરી કરતાં ચાર વિરૂદ્ધ પોલીસ ફરીયાદ થઈ**

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આવેલ સાબરમતી નદીમાંથી ગેરકાયદેસર રીતે રેતી ભરીને લઈ જઈ રહેલ ચાર ઈસમો સામે પોલીસ ફરીયાદ થઈ.

પ્રાંતિજ પોલીસસ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ સાબરમતી નદીના પટમાંથી વગર પાસ કે પરમીટ વગર ટ્રેક્ટરની અંદર ખનીજ ચોરી કરીને (રેતી ભરીને) લઈ જઈ રહેલ ટ્રેક્ટર ચાલકને નદી પાસેજ રોકતા અધિકારી સાથે તોછડું વર્તન કરી તથા સરકારી કામકાજમાં દખલગીરી કરતાં ટ્રેક્ટર ચાલક રાજુભાઈ લક્ષ્મણભાઈ વનજારા, જગદીશભાઈ લક્ષ્મણભાઈ વનજારા, મગનજી પનાજી વણજારા તથા ઘનશ્યામસિંહ દશરથસિંહ ચાવડા ચાર વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં બી.એમ. ચૌધરી સર્વેયર ભુગર્ભ શાસ્ત્રી દ્વારા ફરીયાદ કરતાં પોલીસે સરકારી કામકાજમાં દખલગીરી કરવા વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦